# દિલ્હીમાં વિક્રમ મતદાન : ૮મીએ મતગણતરી

## ૮ ડિસેમ્બરના દિવસે ભાવિનો ફેંસલો : તમામ જગ્યા પર લાંબી લાઈનો જોવા મળી : યુવા મતદારોમાં વધારો : ૮૧૦ ઉમેદવારોના ભાવિ ઈવીએમમાં સીલ



નવી દિલ્હી,તા. ૪

દિલ્હીમાં વિધાનસભાની ચૂંટણી માટે આજે શાંતિપૂર્ણ માહોલમાં ૬૦થી ૬૫ ટકા વચ્ચે ઉંચુ મતદાન યોજાયુ હતુ. ૬૦ ટકાથી ઉંચા મતદાન બાદ ભાજપ, કોંગ્રેસ અને આમ આદમી પાર્ટીમાં ગણતરીનો દોર શરૂ થઈ ગયો હતો. હવે આઠમીએ મતગણતરી યોજાશે ત્યારે જ ચિત્ર સ્પષ્ટ થશે. સવારે આઠ વાગ્યે મતદાન શરૂ થયા બાદ જુદા જુદા વિસ્તારોમાં લાંબી લાઈનો જોવા મળી હતી. મતદાનપૂર્ણ થયું ત્યાં સુધી લોકોમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો. દિલ્હીમાં કુલ મતદારો પૈકી ૬૦ ટકાથી વધુ મતદારોએ તેમના મતાધીકારનો ઉપયોગ કર્યો હતો. કોઈપણ અનિચ્છનીય બનાવને ટાળવા માટે તંત્ર દ્વારા પહેલાથી જ કમરકસી લેવામાં આવી હતી. રાજસ્થાનમાં ૭૪ ટકાથી વધુ મતદાન થયા બાદ આજે દિલ્હીમાં મતદાનને લઈને ભારે ઉત્સાહ દેખાઈ રહ્યો હતો. ભાજપ, કોંગ્રેસ અને આમ આદમી પાર્ટી વચ્ચે સીધી સ્પર્ધા દેખાઈ રહી છે. ૭૦ સભ્યોની દિલ્હી વિધાનસભા માટે સવારે આઠ વાગે મતદાન શરૂ થયું હતું. ૧૧ હજારથી વધુ મતદાન મથકો પૈકી ૬૩૦ મતદાન મથકો અતિ સંવેદનશીલ અને સંવેદનશીલ વચ્ચે જાહેર કરાયા હતા.

પ્રથમ વખત મતદાનમાં ૪.૦૫ લાખ લોકોએ ભાગ લીધો હતો. મતદાનનો તબ્બો ગઈકાલે જ તૈયાર થઈ ગયો હતો. અભૂતપૂર્વ સુરક્ષા વ્યવસ્થા ગોઠવવામાં આવી હતી. ૭૦ મહિલાઓ સહિત ૮૧૦ ઉમેદવારોના ભાવિ આજે ઈવીએમમાં સીલ થઈ ગયા હતા. ભાજપના ૬૮, બસપના ૬૯, સીપીઆઈના ૧૦, કોંગ્રેસના ૭૦, આમ આદમી પાર્ટીના ૭૦ ઉમેદવારોના ભાવિ ઈવીએમમાં સીલ થઈ ગયા હતા. અન્ય અને અપક્ષના ૫૦૯ ઉમેદવારના ભાવિ પણ સીલ થઈ ગયા હતા. દિલ્હીમાં સામાન્ય વિધાનસભા બેઠકોની સંખ્યા ૫૮ અને અનુસૂચિત જાતિની બેઠક ૧૨ છે. કુલ ૧૦૫ એફઆઈઆર એએપી સામે નોંધાવવામાં આવી હતી જ્યારે ભાજપ સામે ૮૬, બસપ સામે ૨૭ એફઆઈઆર દાખલ થઈ હતી. કોંગ્રેસ સામે આવી ૮૮ એફઆઈઆર દાખલ થઈ હતી. આજે ૧.૧૯ કરોડ મતદારો પૈકીના ૬૦ ટકાથી વધુ મતદારોએ તેમના મતાધિકારનો ઉપયોગ કર્યો હતો.

# સંસદનું શિયાળુ સત્ર આજથી શરૂ

નવી દિલ્હી,તા. ૪

સંસદનું શિયાળુ સત્ર આવતીકાલથી શરૂ થઈ રહ્યુ છે. શિયાળુ સત્ર તોફાની બનવાના સંકેત દેખાઈ રહ્યા છે. ભાજપ સહિત વિરોધ પક્ષોએ શિયાળુ સત્ર દરમિયાન લોકલક્ષી મુદ્દાઓ ઉઠાવવાની તૈયારી કરી લીધી છે. સંસદમાં કેટલાક મહત્વપૂર્ણ બિલ રજુ કરવાની તૈયારી પણ યુપીએ સરકાર દ્વારા કરી લેવામાં આવી છે જેમાં તેલંગાણા બિલ, મહિલા અનામત બિલ અને લોકપાલ બિલનો સમાવેશ થાય છે. શિયાળુ સત્ર તોફાની બને તેવા સંકેત દેખાઈ રહ્યા છે. ભાજપ સહિતના વિરોધ પક્ષો આસમાને પહોંચેલી મોંઘવારીનો મુદ્દો પણ ઉઠાવે તેવી શક્યતા દેખાઈ રહી છે. વિધાનસભાની ચૂંટણીના પરિણામ જાહેર થાય તે પહેલા આ સત્રની શરૂઆત થઈ ચુકી છે. કોમવાદી હિંસાનો મુદ્દો પણ ઉઠે તેવી શક્યતા છે. ટૂંકુ સત્ર આવતીકાલથી શરૂ થશે જેને લઈને સરકાર આશાવાદી દેખાઈ રહી છે. સત્રની શરૂઆત પહેલા ગઈકાલે સર્વપક્ષીય બેઠક બોલાવવામાં આવી હતી જેમાં વડાપ્રધાન મનમોહનસિંહે કહ્યુ હતુકે સંસદના બંને ગૃહોની કામગીરી સાનુકૂળરીતે ચાલે તે માટે તમામ પગલા લેવાશે. ગૃહમાં તમામ વર્ગોના સહકારની માંગ વડાપ્રધાન દ્વારા કરાઈ હતી. પાંચમી ડિસેમ્બરથી એટલે કે આવતીકાલથી આ સત્રની શરૂઆત થયા બાદ ૨૦મી ડિસેમ્બર સુધી સત્ર ચાલશે. જટિલ મુદ્દાઓ હોવાથી કેટલાક રાજકીય પક્ષોએ સત્રને લંબાવવાની માંગ કરી હતી. કોલસા કૌભાંડ અને તેલંગાણા બિલને લઈને ભાજપ લડાયક છે. સંસદીય બાબતોના પ્રધાન કમલનાથ કહી ચુક્યા છેકે એવા સૂચન આવ્યા છેકે સત્રમાં વિરામ થવો જોઈએ અને ટૂંકા ગાળા બાદ સત્રની ફરી શરૂઆત થવી જોઈએ. આ સંદર્ભમાં રાજ્યસભામાં નેતાઓ સાથે વાતચીત કરાશે. ભાજપના વરિષ્ઠનેતા સુષ્મા સ્વરાજે ૨૦મી ડિસેમ્બર બાદથી એક સપ્તાહના વિરામબાદ સત્રને લંબાવવાની વાત કરી હતી. આ વર્ષના શિયાળુ સત્રમાં જે મહત્વપૂર્ણ બિલ રજુ કરવામાં આવનાર છે તેમાં તેલંગાણા બિલ, મહિલા અનામત બિલ, લોકપાલ બિલ મુદ્દે જોરદાર ધાંધલ થવાની શક્યતા દેખાઈ રહી છે. આ ઉપરાંત કોમી હિંસા, ભાવવધારા, ભારત-બાંગ્લાદેશ જમીન સરહદી સમજૂતિ બિલ, કોમવાદી હિંસા સાથે સંબંધિત બિલ પણ રજુ કરવામાં આવશે. મુજફ્ફરનગરમાં તાજેતરમાં જ વ્યાપક હિંસા ભડકી ઉઠી હતી જેમાં ૬૦થી વધુ લોકોના મોત થયા હતા.

## દરિયામાં ૨૦ ફૂટ નીચે હોટેલ બનાવવાની નવી હિલચાલ શરૂ

નવી દિલ્હી, તા.૪

જ્યારે પણ લક્ઝરી હોટેલ રૂમની વાત કરવામાં આવે છે ત્યારે કેટલાક લોકો કલ્પનાઓમાં ખોવાઈ જાય છે. હવે આવી જ કલ્પના હકિકત બને તેવી શક્યતા દેખાઈ રહી છે. દરિયામાં પાણીની વચ્ચે હવે હોટેલ બનાવવાની તૈયારી કરવામાં આવી રહી છે.

દરિયામાં ૨૦ ફૂટ નીચે પણ હવે ઈચ્છુક લોકો રાત્રી ગાળી શકશે. માત્ર આરામદાયક જ નહીં બલકે દરિયાઈ મોજા વચ્ચે કલરફુલ માછલીઓ અને દરિયાઈ જીવની વચ્ચે અનોખો અનુભવ મેળવી શકાશે. લક્ઝરી લાઈફસ્ટાઈલમાં વિશ્વાસ રાખનાર લોકો માટે આ ખૂબ સારા સમાચાર છે. આવનાર દિવસોમાં પેન્ટહાઉસ, શુઈટના બદલે દરિયાની સપાટીથી ૨૦ ફુટ નીચે રૂમ બનાવવામાં આવી રહ્યા છે. દરિયાઈ મોજાની વચ્ચે તમામ ગણતરી કરવામાં આવી રહી છે. આના માટે જરૂરી ટેકનોલોજીનો ઉપયોગ કરવા માટેનો પ્રયોગ કરવામાં આવી રહ્યો છે. પોલેન્ડની એક કંપનીએ આના માટે કમરકસી લીધી છે. પાણીની અંદર વોટર ડિસ્કસ નામથી હોટલ બનાવવાની યોજના બનાવી રહેલી કંપની ડીપ ઓશન ટેકનોલોજીમાં પ્રોજેક્ટ મેનેજર રોબર્ટ બર્સીવિડ્ઝ માને છે કે આ હોટલને ખેંચીને કોઈ પણ યોગ્ય જગ્યા પર પણ લઈ જઈ શકાશે અને સ્થાપિત પણ કરી શકાશે. આ હોટલમાં પાણીની અંદર ૨૨ રૂમબનાવવામાં આવશે. પાણીની ઉપર પણ આવા જ પ્રકારનો હિસ્સો બનાવવામાં આવશે. બંને હિસ્સોને સીડીઓ અને લિફ્ટથી જોડવાની યોજના બનાવવામાં આવશે.

# ઈન્ડેક્સ ૧૪૭ પોઈન્ટ ઘટીને ૨૦૭૦૯ની નીચી સપાટીએ

મુંબઈ,તા. ૪

શેરબજારમાં આજે સતત બીજા દિવસે મંદીનું મોજુ ફરી વળ્યુ હતુ. એશિયન બજારમાં પણ મંદી જારી રહી હતી. રવિવારના દિવસે વિધાનસભાની ચૂંટણીના પરિણામ જાહેર કરવામાં આવે તે પહેલા કારોબારીઓ પ્રોફિટ બૂકિંગમાં લાગેલા છે. આજે કારોબારના અંતે સેન્સેક્સ ૧૪૭ પોઈન્ટ ઘટીને ૨૦૭૦૯ની સપાટીએ રહ્યો હતો. જ્યારે નિફ્ટી ૪૧ પોઈન્ટ ઘટીને ૬૧૬૧ની સપાટીએ રહ્યો હતો. સંઘાઈ કમ્પોઝિટ સિવાય એશિયન બજારોમાં કારોબાર નબળો રહ્યો હતો. નિક્કીમાં ૨.૨ ટકાનો ઘટાડો રહેતા તેની સપાટી ૧૫૪૦૮ નોંધાઈ હતી. જ્યારે સંઘાઈ કમ્પોઝિટમાં ૧.૩ ટકાનો ઉછાળો જોવા મળ્યો હતો. હેંગસેંગ અને સ્ટ્રેટ ટાઈમ્સમાં આશરે એક-એક ટકાનો ઘટાડો જોવા મળ્યો હતો. બીએસઈ રિયાલિટી ઈન્ડેક્સમાં સૌથી મોટો ઘટાડો રહ્યો હતો. તેમાં ૨.૭ ટકાનો કડાકો બોલી ગયો હતો. કેપિટલ ગુડ્સ, એફએમસીજી, ઓટો, ઓઈલ એન્ડ ગેસ ઈન્ડેક્સમાં ૦.૮-૧.૪ ટકા વચ્ચેનો ઘટાડો જોવા મળ્યો હતો. કેપિટલ ગુડ્સના શેરમાં પ્રોફિટ લેવાની સ્થિતિ જોવા મળી હતી. આઈટીસી, આઈસીઆઈસીઆઈ બેંક, એચડીએફસી, તાતા મોટર્સ, એલએન્ડટીમાં ૧.૪-૧.૯ ટકા વચ્ચેનો ઘટાડો રહ્યો હતો. સેન્સેક્સને નવી નીચી સપાટી પર લઈ જવામાં આ તમામ શેરોએ ચાવીરૂપ ભૂમિકા ભજવી હતી. સેન્સેક્સમાં જે શેરમાં મોટો નફો જોવા મળ્યો હતો તેમાં ઈન્ફોસિસ અને વિપ્રોનો સમાવેશ થાય છે. વીએસટી ટિલર્સ ટ્રેક્ટરના શેરમાં ૫.૪ ટકા સુધીનો મોટો ઉછાળો જોવા મળ્યો. બ્રોડર માર્કેટમાં બીએસઈ મિડકેપ ઈન્ડેક્સમાં૦.૭ ટકા અને સ્મોલકેપ ઈન્ડેક્સમાં ૦.૧ ટકાનો ઘટાડો રહ્યો હતો. માર્કેટ બ્રિડથ ખૂબજ નકારાત્મક રહી હતી. ૧૩૩૯ શેરમાં મંદી અને ૧૧૩૮ શેરમાં તેજી રહી હતી. શેરબજારમાં સતત બીજા દિવસે મંદી રહેતા કારોબારીઓમાં નિરાશા જોવા મળી હતી. ઉલ્લેખનીય છે કે શેરબજારમાં છેલ્લા ત્રણ દિવસથી ચાલી રહેલી તેજી પર ગઈકાલે બ્રેક મુકાઈ હતી. આના માટે કેટલાક કારણો જવાબદાર રહ્યા હતા. ગઈકાલે કારોબારના અંતે સેન્સકસ ૪૩ પોઈન્ટ ઘટીને ૨૦૮૫૫ની સપાટીએ રહ્યો હતો. જ્યારે નિફ્ટી ૧૬ પોઈન્ટ ઘટીને ૬૨૦૨ની સપાટીએ રહ્યો હતો. મોટા ભાગના એશિયન બજારમાં ગઈકાલે ફ્લેટ સ્થિતિ રહી હતી. અમેરિકાના આર્થિક આંકડા નવી ચિંતા ઉપજાવે તેવા રહ્યા છે.

# પત્નિની હત્યા કરી શરીરના ટુકડા ફ્રીજમાં છુપાવી દીધા

મુંબઈ,તા.૪

દેશના વાણિજ્ય પાટનગર મુંબઈમાં એક ક્રૂર અપરાધીની ધરપકડ કરવામાં આવી છે. ૩૫ વર્ષીય આ શખ્સે પોતાની પત્નીની હત્યા કર્યા બાદ તેના શરીરના ચાર હિસ્સા કરીને નાના ટુકડાઓ કરીને રેફ્રિજરેટરમાં મુકી દીધા હતા જ્યારે શરીરના અન્ય એક હિસ્સાને તેના ભયંદર (ઈ)માં પોતાના ફ્લેટના બેડરૂમમાં મુકી દીધો હતો. પોતાની પત્નિની હત્યા કરવા પાછળનો ઈરાદો હજુ જાણી શકાયો નથી પરંતુ તેની પુછપરછ ચાલી રહી છે. બીનસત્તાવાર અહેવાલમાં જણાવવામાં આવ્યુ છે કે આ મહિલા ફ્રેન્ચ પાસપોર્ટ ધરાવતી હતી. પુછપરછ અને પોસ્ટમોર્ટમના અહેવાલ બાદ જ ૩૨ વર્ષીય મધુબંતીની હત્યા ક્યારે કરવામાં આવી હતી તે અંગે માહિતી મળી શકશે.



ગિરિશ કોટેએ પોતાની પત્નિની ક્રૂર હત્યા કેમ કરી તેને લઈને ઉંડી ચકાસણી ચાલી રહી છે. પોલીસ અધિકારીઓએ માહિતી આપતા કહ્યુ છેકે આ દંપત્તિને બે વર્ષનો પુત્ર પણ છે. આ લોકો છેલ્લા સાત મહિનાથી નક્ષત્ર ટાવરમાં ૧૪માં ફ્લોર પર ભાડેથી રહેતા હતા. ૩૨ વર્ષીય પત્નિની હત્યા કર્યા બાદ આ શખ્સના પરિવારના સભ્યોએ પણ વહેલીતકે કોઈ માહિતી આપી નહતી. એવું જાણવા મળી રહ્યુ છેકે આ શખ્સે પરિવારથી પણ આ વાત છુપાવી હતી. ક્રૂર અપરાધી ગિરિશ કોટેના ભાઈએ કહ્યુ છેકે મંગળવારની રાત્રે જ અમને જાણ થઈ હતી. પોતાની પત્નિની હત્યા કર્યા અંગે મોડેથી પોતાના ભાઈ સમક્ષ આ શખ્સે વાત કરી હતી પરંતુ ટુકડાઓ કરીને તેના હિસ્સાઓ છુપાવી દીધા છે તેવી વાત કરી ન હતી. પતિ-પત્નિ વચ્ચે વારંવાર ઝઘડાઓ થતા હતા. પોલીસને રેફ્રિજરેટરની અંદર ત્રણ હિસ્સાઓ મળી આવ્યા છે. આ ઉપરાંત શરીરનો અન્ય એક હિસ્સો બેડરૂમમાંથી મળી આવ્યો છે. અપરાધી ઝડપાઈ ગયો છે પરંતુ હત્યાના હથિયાર મળ્યા નથી.

# ધોનીના નેતૃત્વમાં ભારત-આફ્રિકા વચ્ચે આજે પ્રથમ વનડે જંગ થશે

જોહાનિસબર્ગ,તા.૪

ભારત અને દક્ષિણ આફ્રિકા વચ્ચે આવતીકાલે પ્રથમ વન-ડે મેચ જોહાનિસબર્ગ ખાતે રમાનાર છે. આ વન-ડે શ્રેણી ટીમ ઈન્ડિયા માટે ખૂબ જ પડકારરૂપ રહે તેવી શક્યતા છે. એકબાજુ ભારતીય ટીમ તાજેતરમાં જ એક પછી એક તમામ શ્રેણી જીતીને શાનદાર ફોર્મમાં છે. જ્યારે બીજી બાજુ આફ્રિકન ટીમ હાલમાં સંઘર્ષની સ્થિતિનો સામનો કરી રહી છે છતાં ઘર આંગણે આ શ્રેણીમાં આફ્રિકા સંપૂર્ણ તાકાત સાથે મેદાનમાં ઉતરવા માટે સજ્જ છે. મહેન્દ્રસિંહ ધોનીના નેતૃત્વમાં ટીમ ઈન્ડિયા આ વખતે હોટ ફેવરિટ દેખાઈ રહી છે છતાં ઘર આંગણે આફ્રિકન ખેલાડીઓ ધરખમ દેખાવ કરવા માટે સંપૂર્ણપણે તૈયાર છે. સ્થાનિક ક્રિકેટ ચાહકોનો ટેકો પણ આફ્રિકન ટીમને મળશે. ટીમ ઈન્ડિયા તરફથી શિખર ધવન, રોહિત શર્મા, સુરેશ રૈના, યુવરાજસિંહ, મહેન્દ્રસિંહ ધોની, વિરાટ કોહલી ઉપર તમામ લોકોની નજર રહેશે.તમામ સ્ટાર ખેલાડીઓની હાજરીમાં આફ્રિકન ટીમને પણ મુશ્કેલી પડી શકે છે. શિખર ધવન, રોહિત શર્મા અને



વિરાટ કોહલી ખૂબ જ શાનદાર ફોર્મમાં દેખાઈ રહ્યા છે. વિન્ડીઝ સામેની હાલમાં રમાયેલી આ શ્રેણીમાં ટીમ ઈન્ડિયાના સ્ટાર ખેલાડીઓ છવાયેલા રહ્યા હતા. ધવન, રોહીત શર્મા અને વિરાટ કોહલી આફ્રિકન પડકાર માટે કમર કસી ચૂક્યા છે. બીજી બાજુ આફ્રિકા પાસે ખૂબ જ આક્રમક બોલર છે તેમાં ડેલ સ્ટેન, શોતશોબે અને મોરકેલનો સમાવેશ થાય છે.

ડિવિલિયર્સ અને વિરાટ કોહલી વચ્ચે મુખ્ય સ્પર્ધા થવાની શક્યતા દેખાઈ રહી છે. આ શ્રેણીને લઈને કરોડો ચાહકો પણ રોમાંચિત છે.આ કેલેન્ડર વર્ષમાં ધવન, રોહિત શર્મા અને વિરાટ કોહલીએ એક એક હજારથી વધુ રન બનાવ્યા છે. ત્રણેની સરેરાશ ૫૦થી પણ વધારે છે. જુદી જુદી સ્થિતિમાં પણ આ લોકોએ રન બનાવ્યા છે. આ વર્ષે ૩૧ મેચોમાં સુરેશ રૈનાએ ૩૬મી અને ૨૧ મેચોમાં યુવરાજે ૨૧.૨૩ રનની સરેરાશ મેળવી છે. આ બે બેટ્સમેનો જ ફોર્મમાં રહ્યા નથી. ઓસ્ટ્રેલિયા અને વિન્ડિઝ સામે છેલ્લી નવ મેચમાં રેનાએ ૨૨.૪૨ અને યુવરાજે ૧૯.૬૬ રનની સરેરાશ સાથે રન બનાવ્યા છે. ધોનીએ પણ આ વર્ષે ખુબ શાનદાર ફોર્મમાં રહ્યો છે. ધોનીએ ૨૨ મેચમાં ૬૬.૯૦ રનની સરેરાશ સાથે બનાવ્યા છે. ત્રણ વનડે મેચોની શ્રેણીમાં સ્ટેન, મોર્કેલ, ફિલાન્ડર અને જેક કાલિસ છવાઈ જવા માટે ઉત્સુક છે. બંને ટીમો નીચે મુજબ છે.

ભારત : ધોની (કેપ્ટન), ધવન, રોહિત શર્મા, વિરાટ કોહલી, યુવરાજસિંહ, સુરેશ રૈના, અશ્વિન, રવિન્દ્ર જાડેજા, મહોમ્મદ સામી, ભુવનેશ્વર કુમાર, ઉમેશ યાદવ, ઈશાંત શર્મા, અમિત મિશ્રા, રાયડુ, રહાણે.

આફ્રિકા : ડિવિલિયર્સ (કેપ્ટન), અમલા, કોક, ડ્યુમિની, ઈમરાન તાહિર, કાલિસ, મેક લારેન, મિલર, મોર્કેલ, પારનેલ, ફિલાન્ડર, સ્મિથ, સ્ટેન, શોત્સોબે.

## સમાચાર ઝલક

- મોટી દમણની જેલમાંથી છ કેદીએ ફરાર થતા ભારે ચકચાર.
- બિહારના ઓરંગાબાદમાં ફરી માઓવાદીનો ભીષણ હુમલો.
- અમદાવાદ મોટેરામાં વેપારી પર ફાયરીંગ.
- રોયલ્ટી બજાર કિંમતો ચુકવવા ઓ.એન.જી.સી.ને હાઇકોર્ટનો આદેશ.
- યાત્રાધામ પાલીતાણાની ધર્મશાળામાંથી વિદેશી દારૂ પકડાયો.
- પોરબંદરમાં અપકૃત્યનો ભોગ બનનાર ૧૦ બાળકોની મેડિકલ તપાસ.
- વિવાદના પગલે સોનિયાનું નામ વિશ્વના ધનિકોની યાદીમાંથી રદ્દ
- ભ્રષ્ટાચારની વૈશ્વિક યાદીમાં ભારતમાં ૮૪માં ક્રમે યથાવત.
- મુંબઇ જેવા દરિયાઇ માર્ગે આતંકી હુમલાની દહેશત.
- ફિલ્મ અભિનેતા રાજપાલ યાદવનું હાસ્ય વિલાયું, ૧૦ દિવસની કેદ.
- સુપ્રીમ કોર્ટે એસિડ હુમલામાં આંખ ગુમાવનાર મહિલાને નોકરી અપાવી.
- ધિરાણના વ્યાજદર નહીં વધતાં રીઝર્વ બેંકને અચરજ, આર.બી.આઇ.એ બે વખત રેટ વધાર્યો.
- એસિડ વેચાણના નિયમો ઘડવા માટે સુપ્રીમકોર્ટની આખરી ચેતવણી.
- આપઘાત નિવારણ હેલ્પલાઇન સૂરત, જેવી હેલ્પલાઇન રાજયભરમાં શરૂ કરાશે.
- થ્રીજી મોબાઇલ ઇન્ટરનેટ રેટમાં થયેલ ૨૬ ટકા વૃદ્ધિ.
- આશ્રમવાળા, પછાતવર્ગના છાત્રાલયોના કર્મચારીઓને લઘુત્તમ વેતન કરતાં ઓછું વેતન.
- ભોપાલ ગેસકાંડ : ત્રણ વર્ષથી કોઇ જ સુનાવણી થઇ નથી.
- ફિક્સ ડોપોઝીટ પર માસિક વ્યાજ આપવા રિઝર્વ બેંકની સૂચના.
- બંગાળની ખાડીમાં ડિપ્રેશન : વાવાઝોડામાં પરિવર્તન થવાની પુરેપુરી સંભાવના.
- સોની બજારમાં દિવાળીની જેમ લગનગાળો પણ ફિક્કો.
- પ્રિમિયમમાં વધુ ઉથલપાથલ, પીછે પડ ગયો ઇન્કમટેક્ષ : નોટીસોનો વહેશે ધોધ.

## કરીના-સેફે ૪૮ કરોડમાં નવા આવાસની કરેલી ખરીદી

મુંબઈ,તા.૪

સેફ અલી ખાન અને કરીના કપૂર ૪૮ કરોડની કિંમતના નવા આવાસમાં રહેવા જવાની તૈયારીમાં છે. એક અગ્રણી અંગ્રેજી અખબારમાં પ્રકાશિત અહેવાલમાં જણાવાયુ છે કે સેફ અને કરીના કપૂરે તેમના હાલના એપાર્ટમેન્ટની સામે બાંદ્રામાં ચાર માળની ઈમારત ખરીદી લીધી છે. ફોર્ચ્યુન હાઈટની સામે આ ઈમારત હોવાનું જાણવા મળ્યુ છે. દરેક ફ્લોર પર ત્રણ બેડરુમ, હોલ, કિચન હોવાનું જાણવા મળ્યુ છે. અને કવર એરિયા દરેકમાં ૩૦૦૦ સ્કવેર ફીટ હોવાનું જાણવા મળ્યુ છે. દરેક એપાર્ટમેન્ટની કિંમત ૧૨ કરોડ હોવાનું જાણવા મળ્યુ છે. એકંદરે સેફ અને કરીનાના આવાસની કિંમત ૪૮ કરોડ રહેશે. અહેવાલ મુજબ આર્કિટેક અને ઈન્ટેરિયર ડિઝાઈનર નોઝેર વાડિયાને પણ જંગી રકમ ચૂકવવામાં આવી છે. સેફ અને કરીના ઘણા વર્ષથી તેમના જૂના ફોર્ચ્યુન હાઈટના આવાસમાં રહે છે પરંતુ ૨૦૧૪ સુધીમાં નવા આવાસમાં રહેવા જાય તેવી વકી છે.

## પેન્શન ફંડ રોકાણ માટેના નિયમને વધુ હળવા કરાશે

નવી દિલ્હી,તા.૪

કેન્દ્ર સરકાર પેન્શન ફંડ ઈન્વેસ્ટમેન્ટ માટે વધુ હળવાશની દિશામાં આગળ વધવા જઈ રહી છે. જો કે ઈપીએફઓ બોર્ડને આ દિશામાં આગળ વધતા પહેલા ફેરફારોને મંજુરી આપવી પડશે. સરકાર ચોક્કસપણે છુટછાટ આપવા વિચારી રહી છે પરંતુ ઈપીએફઓ બોર્ડની મંજુરી આના માટે જરૂરી રહેશે. ટૂંકા ગાળાના બિલ સહિત ડેબ્ટમાં રોકાણને પણ તક આપવામાં આવશે. સરકાર કર્મચારીઓના પેન્શનમાં દેશના ૮૦ અબજ ડોલર પૈકીનો હિસ્સો રોકવા મંજુરી આપી શકે છે. સાથે સાથે સ્થાનિક બોન્ડ માર્કેટને મજબુત કરવાની દિશામાં પગલા લેવામાં આવશે. આ નિયમો શ્રમમંત્રાલયની વેબસાઈટ પર મૂકવામાં આવી ચુક્યા છે પરંતુ આને પ્રકાશિત કરવામાં આવ્યા નથી કારણ કે ઈપીએફઓ બોર્ડની મંજુરી આના માટે જરૂરી રહેશે. ઈપીએફઓ દેશભરમાં જાહેર અને ખાનગી સેક્ટરના કર્મચારીઓ પૈકી ૮૫ મિલિયન અથવા તો ૮ કરોડથી વધુ લોકોના પેન્શન પર નજર રાખેછે.

અગાઉ ઈપીએફઓએ માત્ર સરકારી બોન્ડ અને હાઈરેટેડ કોર્પોરેટ ડેબ્ટમાં રોકાણ કરવા તેના ફંડને હાથ ધરનાર ફંડ મેનેજરોને મંજુરી આપવામાં આવી હતી. આ સંદર્ભમાં પ્રાઈવેટ એસેટ મેનેજરનું કહેવું છે કે મૂડીરોકાણમાં હળવાનિયમોથી રિટર્નમાં વધારો થઈ શકે છે. નવી માર્ગદર્શિકા મુજબ સરકાર નાણાં બજારોમાં રોકાણ કરવા કૂલ પેન્શન ફંડ પૈકી પાંચ ટકા પેન્શન ફંડને મંજુરી આપી શકે. સરકારે અગાઉ માત્ર સરકારી કંપનીઓના ડેબ્ટમાં ૩૦ ટકા સુધી ફંડ રોકવા ઈપીએફઓ મની મેનેજરોને મંજુરી આપી હતી. સરકારે કોર્પોરેટ બોન્ડ અંગેના નિયમોને પણ હળવા કર્યા છે અને કંપનીઓ, બેંકો અને સરકારી નાણાંકીય સંસ્થાઓ દ્વારા જારી કરવામાં આવતા ડેબ્ટમાં રોકાણ કરવા ૫૫ ટકા પેન્શન ફંડને મંજુરી આપી હતી. અગાઉ સરકારે માત્ર સરકારી કંપનીઓના ડેબ્ટમાં ૩૦ ટકા ફંડ રોકવા ઈપીએફઓ મની મેનેજરોને મંજુરી આપી હતી.

## તરૂણ તેજપાલના બીજા દોરના તબીબી ટેસ્ટ થયા

પણજી,તા. ૪

બળાત્કારના આક્ષેપનો સામનો કરી રહેલા તહેલકાના સ્થાપક એડિટર તરૂણ તેજપાલ દ્વારા તેમના પોલીસ લોકઅપમાં ફેન મૂકવા માટેની માંગને આજે ગોવાની કોર્ટે ફગાવી દીધી હતી. તરૂણ તેજપાલ દ્વારા કરવામાં આવેલી અરજીને ગોવાની કોર્ટે ફગાવીને કહ્યુ હતુ કે આ માંગ સ્વીકારી શકાય નહીં. બે દિવસ અગાઉ કરવામાં આવેલી તેજપાલની અરજી પર જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટક્લાસ કે જોશીએ આજે ચુકાદો આપ્યો હતો. કોર્ટ દ્વારા દલીલો સાંભળવામાં આવ્યા બાદ આ ચૂકાદો અપાયો હતો દરમિયાનમાં ગોવા પોલીસની ક્રાઈમ બ્રાંચે કેસમાં પોતાની તપાસને વધુ તીવ્ર બનાવી દીધી છે. ગોવા મેડિકલ કોલેજ હોસ્પિટલમાં તેજપાલના બીજા રાઉન્ડના ટેસ્ટ કરવામાં આવ્યા હતા. બીજી ડિસેમ્બરના દિવસે તબીબી ચકાસણીના પ્રથમ રાઉન્ડ દરમિયાન તેજપાલ પર ફોરેન્સીક અને સાઈકિયાટ્રીક ટેસ્ટ સહિત જુદા જુદા ટેસ્ટ કરવામાં આવ્યા હતા.

## હવે મોટી બેંકોની નવી કેટેગરી બનાવવાની હિલચાલ શરૂ થઈ

નવી દિલ્હી,તા. ૪

આરબીઆઈ ટૂંક સમયમાં જ બેંકો માટે ટુ બીગ ટુ ફેલ નામની નવી કેટેગરી બનાવવાની તૈયારીમાં છે. આવી બેંકોને જોખમ કવર કરવા માટે વધારે મૂડી જુદી રાખવી પડશે. રેગ્યુલેટર આ કેટેગરીની બેંકો ઉપર ચાંપતી નજર પણ રાખશે. આરબીઆઈના જણાવ્યા મુજબ ટુ બીગ ટુ ફેલની કેટેગરી નક્કી કરવા માટે કદ અને ઈન્ટર કનેક્શન સહિત ઘણા માપદંડો રહેશે. આ કેટેગરીમાં એવી જ બેંકોને સામેલ કરવામાં આવશે જે ઈન્સ્યોરન્સ, બ્રોકીંગ અને એસેટ મેનેજમેન્ટ જેવી ફાઈનાસિયલ સર્વિસ સાથે જોડાયેલી છે.

આ કેટેગરી હેઠળ આવનારી બેંકોની યાદી ઓગસ્ટ ૨૦૧૫ સુધી જારી કરવામાં આવે તેવી શક્યતા દેખાઈ રહી છે. બેન્કીંગ નિષ્ણાંતો અને જાણકાર લોકોનું કહેવું છે કે સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા, આઈસીઆઈસીઆઈ બેંક, એચડીએફસી બેંક, કેનેડા બેંક, પંજાબ નેશનલ બેંક જેવી બેંકો આ કેટેગરીમાં આવે તેવી શક્યતા છે. આ તમામ બેંકોને જરૂરી કોમન ઈક્વિટી ટાયર-૧ કેપિટલથી વધારે મુડી રાખવી પડશે.

આ બેંકો ઉપર ખતરાના આધાર ઉપર વધુને વધુ નજર રાખવામાં આવશે. આરબીઆઈ માને છે કે તાજેતરની નાણાંકીય કટોકટી દરમિયાન એવું જાણવા મળ્યું હતું કે મોટી અને ઈન્ટરકનેક્ટેડ નાણાંકીય સંસ્થાઓની મુશ્કેલીઓતી સમગ્ર નાણાંકીય વ્યવસ્થા ઉપર માઠી અસર થઈ હતી અને તેની અસર અર્થતંત્ર ઉપર પણ થઈ હતી. એક અલગ યાદીમાં આરબીઆઈએ કહ્યું છે કે નાના અને મોટી તમામ બેંકોને સારા સમયમાં કેટલીક મૂડી જુદી રીતે રાખવી જોઈએ જેનો ઉપયોગ ખરાબ સમયમાં બફર તરીકે કરી શકાય છે. કાઉન્ટર સાઈકીલ કેપિટલ બફરને લાગુ કરવા સાથે સંબંધિત મુસદા અહેવાલમાં બેન્કોને ક્રેડીટ ટુ જીડીપી રેશિયો અને ગ્રોસ નોન પરફોર્મિંગ એસેટમાં ગ્રોથના આધાર ઉપર રિસ્ક વેટેડ એસેટના ૨.૫ ટકા રકમ રાખવાની સલાહ આપવામાં આવી છે. કમીટીએ રિપોર્ટ જારી કરીને આના ઉપર ટિપ્પણી માંગી છે. કમીટીની ભલામણ મુજબ તમામ બેંકોને કેટલીક સલાહ આપવામાં આવી છે.